# જિંગલ જિંગલ ZAGMAG

બોલતું ઝગમગ

## ઝૂબુ ખિસકોલી ચાંદાને મળી!

કિરીટ ગોસ્વામી

એક સુંદર અને ઘટાદાર જંગલમાં ઝબુ નામની એક નાનકડી ખિસકોલી રહેતી હતી. ઝબુ આખો દિવસ ઝાડની ડાળીએ ડાળીએ કૂદાકૂદ કરતી અને નવી નવી વસ્તુઓ શોધતી રહેતી. પણ સાંજ ઢળે અને રાત પડે એટલે ઝબુ બધું કામ પડતું મૂકીને આકાશ સામે તાકી રહેતી. તેને નીલા આકાશમાં ચમકતો ગોળમટોળ રૂપાળો ચાંદો ખૂબ ગમતો.

ઝબુ હંમેશાં મનોમન વિચારતી- 'આ ચાંદો કેટલો સુંદર છે! એ શાનો બનેલો હશે? શું ત્યાં પણ મારા જેવા નાના-મોટા ભેરુઓ રહેતા હશે? મારે તો એક વાર ત્યાં જઈને એને મળવું જ છે!'

શરદપૂનમની અજવાળી રાત આવી. ચાંદો સોળે કળાએ ખીલીને ખૂબ મોટો અને તેજસ્વી દેખાતો હતો. ઝબુએ મનોમન નક્કી કરી લીધું કે આજે તો ગમે તે ભોગે ચાંદા પર પહોંચવાનો કોઈક રસ્તો શોધવો જ પડશે! તે જંગલના સૌથી હોશિયાર મિત્ર ટીકુ વાંદરા પાસે પહોંચી.

ઝબુએ ટીકુને આજીજી કરતાં કહ્યું, 'ટીકુભાઈ, મારે ચાંદા પર જવું છે. મને ત્યાં પહોંચવાનો કોઈ સરસ ઉપાય બતાવોને!'

ટીકુએ માથું ખંજવાળતાં કહ્યું, 'ચાંદો તો બહુ દૂર છે, ઝબુ! ત્યાં જવા માટે તો મોટું રોકેટ જોઈએ.' પછી જરા વિચારીને તે ઉત્સાહથી બોલ્યો, 'પણ મારી પાસે એક જોરદાર આઈડિયા છે! આપણે જંગલના સૌથી ઊંચા વડના ઝાડ પર જઈએ. ત્યાં મજબૂત વેલાઓનો મોટો હીંચકો બનાવીશું. તું એ હીંચકા પર બેસજે અને હું પાછળથી જોરદાર ધક્કો મારીશ, એટલે તું સીધી ચાંદા પર!'

ઝબુ તો રાજી-રાજી થઈ ગઈ. બંને જણાં ઊંચા વડના ઝાડ પર ચડ્યાં. મજબૂત વેલાઓ બાંધીને એક સરસ હીંચકો તૈયાર કર્યો. ઝબુ હિંમત કરીને હીંચકા પર બેસી ગઈ. ટીકુએ પોતાની આખી તાકાત લગાવીને હીંચકાને જોરદાર ધક્કો માર્યો!

ઝબુ હવામાં ફંગોળાઈ. પણ અરે! તે ચાંદા પર પહોંચવાને બદલે બાજુના એક લીલાછમ આસોપાલવના ઝાડનાં પાંદડાં વચ્ચે ધબાક કરતી જઈ પડી! તેનાં નસીબ સારાં હતાં કે તેને ક્યાંય વાગ્યું નહીં, પણ તેની ચંદ્ર-યાત્રા અધૂરી રહી ગઈ.

ઝબુ સાવ નિરાશ થઈને બેસી ગઈ. તે જ ક્ષણે ત્યાંથી ચીંચીં કરતી સોનુ ચકલી પસાર થઈ. તેણે ઉદાસ બેઠેલી ઝબુને પૂછ્યું, 'શું થયું ઝબુ? કેમ મોં લટકાવીને બેઠી છે?'

ઝબુએ રડમસ અવાજે કહ્યું, 'મારે ચાંદા પર જવું હતું, પણ હું ત્યાં પહોંચી જ ન શકી.'

સોનુ ચકલી હસીને બોલી, 'અરે ભોળી, હીંચકા ખાવાથી થોડું ચાંદા પર જવાય? તું જરાય નિરાશ ન થા, ચાલ મારી સાથે, હું તને ચાંદાને મળવાનો એક જાદુઈ રસ્તો બતાવું!'

સોનુ ઝબુને જંગલની વચ્ચે આવેલા એક એકદમ શાંત અને નિર્મળ તળાવ પાસે લઈ ગઈ.

તળાવનું પાણી કાચ જેવું ચોખ્ખુંચણક હતું. શરદપૂનમની રાત હોવાથી આખેઆખો ગોળ ચાંદો એ પાણીમાં બરાબર વચમાં ચમકી રહ્યો હતો. એવું અદ્ભુત દ્રશ્ય હતું જાણે સાક્ષાત ચાંદો આકાશમાંથી ઊતરીને તળાવના જળમાં પોઢી ગયો હોય!

સોનુએ પાણી તરફ પાંખ ચીંધીને કહ્યું, 'જો ઝબુ, તારો વહાલો ચાંદો તો તને મળવા સાચેસાચ નીચે આવી ગયો છે!'

ઝબુની આંખો હર્ષથી ચમકી ઊઠી. તે દોડીને તળાવના કાંઠે પહોંચી. પાણીમાં લહેરાતા ચાંદાના પ્રતિબિંબને જોઈને તે આનંદથી નાચવા લાગી!

આ QR-કોડ સ્કેન કરો

તેણે ધીમેથી પોતાનો નાનકડો પંજો તળાવના જળમાં મૂક્યો. પાણીમાં વમળો સર્જાયાં અને ચાંદો જાણે ઝબુ સાથે સંતાકૂકડી રમતો હોય તેમ મસ્તીથી હલવા લાગ્યો.

ઝબુને લાગ્યું કે તે પોતે જ ચાંદાના દેશમાં પહોંચી ગઈ છે! તેણે આસપાસ પડેલા નાના-નાના કાંકરા તળાવમાં ફેંક્યા, તો પાણીમાંથી એવા પરપોટા ઊઠ્યા જાણે રોકેટ આકાશ ભણી ઊડતાં હોય! ઝબુએ આખી રાત તળાવના કિનારે 'પાણીવાળા ચાંદા' સાથે મન મૂકીને ધમાલ-મસ્તી કરી.

વહેલી સવાર થતાં જ ચાંદો ધીમે ધીમે આકાશમાંથી વિદાય લેવા લાગ્યો અને તળાવના પાણીમાંથી પણ અદૃશ્ય થઈ ગયો. ઝબુ રાતભરની રમતથી થાકી જરૂર ગઈ હતી, પણ આજે તેનું હૈયું અસીમ આનંદથી છલકાતું હતું.

તેને સમજાઈ ગયું હતું કે ભલે તે આકાશમાં ઊડીને ચાંદા સુધી ન પહોંચી શકે, પણ પોતાની કલ્પના અને સાચી દ્રષ્ટિથી તે જ્યારે ઈચ્છે ત્યારે ચાંદાની અદ્ભુત સફર માણી શકે છે!

ઝબુ ખુશ થતી થતી પોતાના ઝાડની બખોલમાં પહોંચી, લંબાવીને મીઠી નીંદર માણી અને સપનાંમાં ફરી એ વહાલા ચાંદા સાથે રમવા લાગી. ■



# લોમડીને લેપટોપ લેવું છે



લેવું છે રે લેવું છે, લોમડીને લેપટોપ લેવું છે
નવું હોય કે જૂનું, લોમડીને લેપટોપ લેવું છે
દિવસે મળતા દુશ્મનોની યાદી બનાવવી છે
ડેસ્કટોપ ઉપર ફરવું છે, લેપટોપ લેવું છે
ગુગલમાં ગોથાં ખાવા બસ લેપટોપ લેવું છે
યુટ્યુબમાં આંટો મારવા લેપટોપ લેવું છે
બજેટ બનાવી પાસે રાખવા લેપટોપ લેવું છે
સંશોધનો જાણવા ને માણવા લેપટોપ લેવું છે.
ભવિષ્યના પ્લાન બનાવવા લેપટોપ લેવું છે
લેવું છે રે લેવું છે, લોમડીને લેપટોપ લેવું છે .

- અર્જુનસિંહ કે. રાઉલજી

# એરોપ્લેન



ટીનુ-મીનુ દોડી આવે, ભોલુ-પીન્કીને સાદ પાડે,
'ચાલો, ચાલો, સૌ દોસ્તો નીકળ્યું એરોપ્લેન,
ભાઈ, નીકળ્યું એરોપ્લેન.'
ટીનુ કહે, 'જુઓ દોસ્તો, ઊંચે આકાશમાં ઊડે,
વાદળ સાથે સંતાકૂકડી રમે આ એરોપ્લેન.
ભાઈ, રમે આ એરોપ્લેન.'
ધોળું-ધોળું ચમકતું, બે પાંખો પસારી ઉડતું
પાંખે ને પૂંછડીએ, લાઈટો ઝબકાવત ઊડે એરોપ્લેન.
ભાઈ, આ ઊડે એરોપ્લેન.
એક જગ્યાએથી બીજી જગ્યાએ, માણસોને પહોંચાડે
પલકવારમાં તો ક્યાંથી ક્યાં જઈ પહોંચે એરોપ્લેન.
ભાઈ, પહોંચે આ એરોપ્લેન.
હોય કેવડું મોટું, ઘર...ર..ર..ર.. કરતું ઊંચે ઊડે,
આકાશમાં જાતાં તો ક્યાંથી ક્યાં જઈ પહોંચે એરોપ્લેન.
ભાઈ, આ પહોંચે એરોપ્લેન.
જાણે પવનવેગી હનુમાનજી સૂરજને ગળવા જાય,
જલદી નજરથી ઓઝલ થઈને આ ભાગે એરોપ્લેન.
ભાઈ, આ ભાગે એરોપ્લેન.

- પ્રવીણા વ્યાસ મહેતા 'પિયુ'

# ચિત્રમાં સુંદર રંગ પૂરો




## ટપકાં જોડીને ચિત્ર પૂરું કરો



# કહેવતોની કરામત

મિત્રો, અહીં કેટલીક કહેવતો આપી છે. બધી કહેવતો અધૂરી લખી છે તો નીચેના BOXમાંથી ગોતીને લખો.

૧. પરણ્યા ન હોઈએ પણ ...............
૨. જર, જમીન ને જોરું, .................
૩. ધોબીનો કૂતરો નહિ .....................
૪. છાશમાં માખણ જાય ને ..........................
૫. નાનો તો પણ ..................................
૬. જેવો સંગ ........................................
૭. દૂધના દૂધમાં ને ..................................
૮. નવરો બેઠો .......................................
૯. ભલાનું ભલું થાય ને ..............................
૧૦. નાના ભડકે દિવાળી ને ..........................




૧. વહુ ફૂવડ કહેવાય, ૨. ભૂંડાનું ભૂંડું થાય, ૩. પાણીનાં પાણીમાં, ૪. મોટે ભડકે હોળી, ૫. નખ્ખોદ વાળે, ૬. ત્રણે કજિયાના છોરું, ૭. જાનમાં તો ગયાં હોઈએ ને, ૮. રાઈનો દાણો, ૯. ઘરનો નહિ ઘાટનો, ૧૦. તેવો રંગ

કહેવતોની કરામતનો જવાબ :
૧. પરણ્યા ન હોઈએ પણ જાનમાં તો ગયા હોઈએ ને
૨. જર, જમીન ને જોરું ત્રણે કજિયાના છોરું
૩. ધોબીનો કૂતરો નહિ ઘરનો નહિ ઘાટનો
૪. છાશમાં માખણ જાય ને વહુ ફૂવડ કહેવાય
૫. નાનો તો પણ રાઈનો દાણો
૬. જેવો સંગ તેવો રંગ
૭. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં
૮. નવરો બેઠો નખ્ખોદ વાળે.
૯. ભલાનું ભલું થાય ને ભૂંડાનું ભૂંડું થાય.
૧૦. નાના ભડકે દિવાળી ને મોટે ભડકે હોળી

## રસ્તો શોધો



# FIND DIFFERENCE



## Can You Solve it !



# સુંદરવનમાં રમતોત્સવ

ભરત પંચોલી

વનરાજ સિંહ મહારાજ દર વર્ષે સુંદરવનમાં ભવ્ય રમતોત્સવનું આયોજન કરતા. તેઓ દ્રઢપણે માનતા કે વિવિધ રમતો રમવાથી શરીર સુદ્રઢ અને મજબૂત બને છે તેમજ મનની ચપળતા વધે છે. તેથી જ તેઓ જંગલનાં તમામ પ્રાણીઓનાં બચ્ચાં આ રમતોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તેવો ખાસ આગ્રહ રાખતા.

રમતોત્સવમાં જાતજાતની રોમાંચક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું- કબડ્ડી, હોકી, ફૂટબોલ, દંડા ફેંક, ભાલા ફેંક, ઊંચો કૂદકો, લાંબો કૂદકો, દોડ, કોથળા દોડ, લીંબુ-ચમચી અને સંગીત ખુરશી! આ તમામ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે નાનાં બચ્ચાં તેમજ મોટાં પ્રાણીઓ પણ થનગની રહ્યાં હતાં. સૌમાં અનેરો ઉત્સાહ અને ઉમંગ છવાયેલો હતો. વાઘુભાઈ, મીની મ્યાંઉ, ચિન્ટુ ચિત્તો, મોન્ટુ હાથી, ઝીલુ ઝિરાફ અને હણુ હરણ વગેરે સ્પર્ધાના નિર્ણાયક બન્યા હતા.

ટીનુ મ્યાંઉ, ગલુ ગલુડિયું, અપ્પુ મદનિયું, વનુ વાંદરો, સસ્સુ સસલું અને હની હરણ ફૂટબોલની મેચમાં સામસામે રમી રહ્યાં હતાં. લાઉડસ્પીકર પરથી જુદી જુદી સ્પર્ધાઓની જીવંત કોમેન્ટરી ગુંજી રહી હતી.

ફૂટબોલની મેચ બરાબર જામી હતી. પ્રેક્ષક બનેલાં પ્રાણીઓ કિકિયારીઓ પાડીને ખેલાડીઓનો ઉત્સાહ વધારી રહ્યાં હતાં. ટીનુ મ્યાંઉ અને ગલુ ઝડપથી દોડીને બોલ પાસ કરી રહ્યાં હતાં. વનુ વાંદરો વચ્ચે વચ્ચે ગેલમાં આવી કૂદાકૂદ કરતો હતો. સસ્સુ સસલું અદભુત ચપળતા દાખવતું હતું, જ્યારે હની હરણ વીજળીવેગે દોડીને ફૂટબોલની સુંદર રમત રમી રહ્યો હતો.

પરંતુ અપ્પુ હાથી શરીરે ભારે હોવાથી ધીમે ધીમે રમતો હતો. તેને રમતમાં ખાસ મજા નહોતી આવી રહી. એક તો તેનાથી ઝડપથી દોડાતું નહોતું અને ભારેખમ શરીરને કારણે ભરશિયાળે પણ રેબઝેબ પરસેવો વળી ગયો હતો! છતાં પ્રેક્ષકોને અપ્પુની રમત જોવામાં ભારે મનોરંજન મળતું હતું. તેનું ગોળમટોળ શરીર જ્યારે જોરથી ફૂટબોલને લાત મારતું, ત્યારે બોલ હવામાં ફંગોળાઈને છેક દૂર દૂર સુધી ઊડી જતો! બધાં પ્રાણીઓ એ બોલ પાછળ દોડાદોડ કરતાં.

ટીનુ મ્યાંઉએ કહ્યું, 'અપ્પુ, તારે આટલી જોરથી ફૂટબોલને લાત નહીં મારવાની! તું તો પહાડ જેવો ભારેખમ અને જાડોપાડો છે. તારા આ ભીમકાય પ્રહારથી અમને નાનાં પ્રાણીઓને બહુ તકલીફ પડે છે.'

આ સાંભળી અપ્પુને મનોમન અભિમાન આવી ગયું- 'જોયું, હું કેવી જોરદાર લાત મારું છું કે બોલ છેક આકાશને આંબી જાય છે!' આમ વિચારીને તે ફરીથી બોલને જોરદાર કિક મારવા ગયો. પરંતુ તેનો પગ ભીની માટીમાં લપસ્યો! બોલને બદલે પથ્થર સાથે તેના પગની જોરદાર ઠોકર વાગી અને અપ્પુ ધડામ દઈને જમીન પર ગબડી પડ્યો!

'અપ્પુ પડ્યો! અપ્પુ પડ્યો! પહાડ જેવો અપ્પુ ગબડી પડ્યો!' કહીને ટીનુ અને ગલુ તો ખડખડાટ હસવા લાગ્યાં. આ જોઈ અપ્પુને ભારે ગુસ્સો આવ્યો- 'એક તો મને વાગ્યું છે અને તમે બંને ઊભાં ઊભાં દાંત કાઢો છો?' અપ્પુએ ઊભા થવા ખૂબ મથામણ કરી, પણ ભારે શરીરને લીધે તેનાથી ઊભા ન થવાયું.



તે તો રડમસ થઈને પોકારવા લાગ્યો, 'કોઈ મને ઊભો કરો... અરે, કોઈ મને મદદ કરો!'

ટીનુ અને ગલુએ અપ્પુને ઊંચકવાનો પ્રયત્ન કર્યો, પણ એવા પહાડ જેવા અપ્પુ મદનિયાને બે નાનાં જીવ કઈ રીતે ઊભો કરી શકે? સૌ ભેગાં થઈને મુંઝાઈ ગયાં કે હવે અપ્પુને કેમ ઊભો કરવો.

એવામાં વનુ વાંદરો ઝાડની ડાળ પર ચડીને બોલ્યો, 'અપ્પુ, તારે મીઠી મીઠી શેરડી ખાવી છે? મને આ ઝાડની ટોચ પરથી દૂર એક સરસ મજાનું ખેતર દેખાય છે. જો તું ઝટપટ બેઠો થઈ જાય, તો હું તને શેરડીના ખેતરમાં લઈ જાઉં!'

'શેરડી! ક્યાં છે શેરડી? મને તો શેરડી બહુ ભાવે છે!' શેરડીનું નામ પડતાં જ અપ્પુના કાન ચમક્યા.

> **'અપ્પુ, તારે આટલી જોરથી ફૂટબોલને લાત નહીં મારવાની! તું તો પહાડ જેવો ભારેખમ અને જાડોપાડો છે. તારા આ ભીમકાય પ્રહારથી અમને નાનાં પ્રાણીઓને બહુ તકલીફ પડે છે.'**

વનુ બોલ્યો, 'પહેલાં તું જાતે ઊભો થા, પછી આપણે સાથે જઈને શેરડી ખાઈશું.'

શેરડીની લાલચ જાગતાં જ અપ્પુ બધો આળસ-મરોડ ખંખેરીને એક જ ઝાટકે સીધો ઊભો થઈ ગયો! આ જોઈ બધાં પ્રાણીઓ હસી પડ્યાં. સસ્સુ સસલું બોલ્યું, 'વાહ રે અપ્પુ! શેરડી ખાવાના લોભે કેવો તરત ઊભો થઈ ગયો! નહીંતર પડ્યો પડ્યો આખો દહાડો રડ્યા જ કરત!'

અપ્પુએ ઉત્સાહથી કહ્યું, 'ચાલ વનુ, હવે ઝડપથી આપણને શેરડીના ખેતરમાં લઈ જા!'

વનુ મોઢું મલકાવીને બોલ્યો, 'શેરડી કેવી ને વાત કેવી! અહીં આસપાસ કોઈ ખેતર નથી. હું તો તને ઊભો કરવા યુક્તિ કરતો હતો!' એમ કહી વનુ વાંદરો અપ્પુને ચીડવવા લાગ્યો. અપ્પુ તો ક્રોધથી લાલચોળ થઈ ગયો.

'સારું સારું અપ્પુ, તું ગુસ્સે ન થા,' કહી વનુએ ખિસ્સામાંથી કાગળનો ટુકડો કાઢ્યો, 'જો, આ કાગળ પર શેરડીના ખેતરનું ચિત્ર છે! આને જોઈ લે અને બેઠો બેઠો મનથી શેરડી ખાજે!'

'એમ! તું મારી મશ્કરી કરે છે વનુડા? હવે તારી ખેર નથી!' કહી અપ્પુએ ગુસ્સામાં આવી સૂંઢ વડે ઝાડનું થડ પકડીને જોરજોરથી હલાવવા માંડ્યું. પણ ચતુર વનુ કૂદીને બીજા ઊંચા ઝાડ પર જતો રહ્યો. અપ્પુ દોડી દોડીને સાવ થાકી ગયો અને હાંફતાં બોલ્યો, 'નીચે આવ, પછી તને બતાવું!'

ત્યાં શાંત સ્વભાવનું ઝીણું ઝિરાફ આગળ આવ્યું અને પ્રેમથી બોલ્યું, 'અપ્પુ, તું નિરાશ ન થા. મારા પપ્પાના પરમ મિત્ર રામુકાકાનું નજીકમાં જ શેરડીનું મોટું ખેતર છે. તેઓ અત્યંત ભલા અને માયાળુ છે. ચાલો, આપણે સૌ ત્યાં જઈએ. આપણે ધરાઈને શેરડી ખાઈશું અને મોજ કરીશું!'

આ બાજુ ફૂટબોલની રમત પડતી મૂકીને બધાં મિત્રો રામુકાકાના ખેતર તરફ દોડ્યાં.

રસ્તામાં ઝીણું ઝિરાફે સૌને શિખામણ આપી- 'ખેતરમાં જઈને આપણે સૌએ એકદમ શાંતિ જાળવવાની છે. કોઈએ ત્યાં તોફાન-મસ્તી કરવાની નથી અને કાકાના પાકને જરાય નુકસાન પહોંચાડવાનું નથી. રામુકાકા પ્રેમથી આપે તો જ શેરડી ખાવાની, બાકી કોઈએ જિદ કે ગુસ્સો કરવાનો નથી.'

અપ્પુએ ચિંતા વ્યક્ત કરી, 'કદાચ તેઓ ના પાડશે તો મને શેરડી ખાવા નહીં મળે?'

ઝીણુંએ કહ્યું, 'તેઓ ક્યારેય ના નહીં પાડે. હું પોતે તેમની સાથે વિનમ્રતાથી વાત કરીશ.'

સૌ રામુકાકાના ખેતરે પહોંચ્યાં. રામુકાકાએ નાનાં ભૂલકાંઓને જોઈને હેતભર્યો આવકાર આપ્યો. ઝીણુંએ બધી વાત માંડીને કહી. રામુકાકા હસીને બોલ્યા, 'અરે વાહ! તમે બધાં તો ખૂબ ડાહ્યાં બાળકો છો. તમારે જેટલી ખાવી હોય તેટલી મીઠી શેરડી પેટ ભરીને ખાઓ અને તાજો રસ પણ પીવો!' સૌએ ધરાઈને શેરડી ચૂસી અને મીઠો રસ પીધો.

સૌથી વધુ આનંદ અપ્પુ મદનિયાને આવ્યો. અપ્પુએ આનંદમાં આવી સૂંઢ હલાવતાં કહ્યું, 'જો હું મેદાનમાં ગબડી ન પડ્યો હોત, તો આપણને આવી મીઠી શેરડી ખાવા મળત ખરી? ખરું ને મિત્રો! મેં તો એટલી બધી શેરડી ખાધી છે કે હવે મારાથી ડગલુંય ભરાય તેમ નથી!'

એવામાં અપ્પુના પપ્પા તેને શોધતાં શોધતાં ખેતરે આવી પહોંચ્યા. તેમણે અપ્પુનો મોટો કાન પકડીને વહાલભર્યા ઠપકા સાથે કહ્યું, 'ચાલ અપ્પુડા, ઘેર જવાનો સમય થઈ ગયો છે!'

અપ્પુ કાન પકડાયેલી હાલતમાં જ પગ ઉપાડીને દોડવા લાગ્યો. આ દ્રશ્ય જોઈ બધાં મિત્રો હસતાં હસતાં ગાવા લાગ્યાં-

*'ભાગ્યો ભાગ્યો, અપ્પુ કેવો ભાગ્યો!*
*પપ્પાએ ખેંચ્યા કાન,*
*ને અપ્પુ દડબડ દડબડ ભાગ્યો!'*

# THE EMPEROR'S RING

Jayati Thakar

"But, Your Majesty, he is the only one who has returned without a ring. Why should he be chosen?"



Long ago in India, there lived a powerful emperor who wanted to appoint a new minister to help him govern his kingdom. He believed that a good minister needed more than intelligence and knowledge. Above all, the person had to be honest, trustworthy and brave enough to tell the truth, even when it was difficult.

The emperor decided to conduct a special test to discover who among the young men of his court possessed these qualities.

One morning, he summoned the young men to his royal court. They gathered before his magnificent throne, wondering what the emperor had planned for them.

"I have an important responsibility to give to one of you," the emperor announced. "But before I choose my new minister, I must discover who among you has true character."

He then presented each young man with a beautiful ring.

"Take this ring and wear it for one year," he instructed. "At the end of the year, return it to me. Your conduct during this period will help me decide who deserves the position."

Among the young men was Someshwar, a twenty-year-old known for his humility and good manners. He was not the richest or the most powerful member of the group, but he believed in doing what was right.

When Someshwar received his ring, he examined it carefully. Unlike some of the others, his ring looked quite ordinary. Nevertheless, he accepted it respectfully and promised himself that he would take good care of it.

For the first few months, everything went smoothly. Someshwar wore the ring every day and made sure it was safe.

Then, one morning, he noticed something strange. The ring had become thinner and duller. He rubbed it gently, hoping to restore its shine, but it continued to fade.

A few weeks later, the ring had almost disappeared. One day, while Someshwar was looking at his hand, it dissolved completely, leaving behind only a faint mark on his finger.

Someshwar stared at his empty hand in disbelief.

"Why are you so troubled?" one of them asked. "Simply buy another ring that looks exactly like the emperor's. Return it at the end of the year, and nobody will ever know!"

"Oh, no! The emperor's ring is gone!" he exclaimed. "What will I tell him when the year ends?"

He searched his room, examined his clothes and even retraced his steps, hoping to find some trace of the missing ring. But his efforts were useless. The ring had vanished completely.

Worried and confused, Someshwar shared his problem with some of his companions.

"Why are you so troubled?" one of them asked. "Simply buy another ring that looks exactly like the emperor's. Return it at the end of the year, and nobody will ever know!"

Another young man agreed. "That is a clever solution! The emperor wants a ring, and you can give him one. Why make trouble for yourself?"

For a moment, Someshwar was tempted. Buying a replacement would be easy, and he could avoid embarrassment or punishment. But then he began to think about what honesty truly meant.

"If I give the emperor a different ring and pretend it is the original, I will be lying," he thought. "I might win the position of minister, but I would lose something far more valuable - my honesty. How could I serve the kingdom faithfully if I began my career with a lie?"

Someshwar decided that he would tell the truth, whatever the consequences.

The year passed quickly. When the appointed day arrived, the young men assembled before the emperor once again.

One by one, they stepped forward and returned their rings. Most of the rings looked bright and polished. Their owners stood proudly, confident that they had completed the emperor's task successfully.

Finally, it was Someshwar's turn.

He approached the throne with empty hands. Although his heart was beating fast, he gathered his courage and bowed respectfully.

"Your Majesty," he said, "I must confess that I no longer have the ring you gave me. It began to fade after a few months and eventually dissolved completely. I searched for it and tried to find a way to preserve it, but I failed. I could have bought another ring and pretended it was yours, but I did not want to deceive you. I am sorry that I cannot return it."

The court fell silent. Some of the young men exchanged nervous glances, expecting the emperor to become angry.

Instead, the emperor's face lit up with a smile. He rose from his throne and announced, "Someshwar shall be my new minister!"

Everyone gasped in surprise.

"But, Your Majesty," someone asked, "he is the only one who has returned without a ring. Why should he be chosen?"

The emperor explained, "I gave each of you a ring made from a special material designed to dissolve over time. I wanted to discover who would have the courage to admit the truth rather than hide a mistake. Many of you returned shining rings, but Someshwar was the only one who came forward honestly." He turned towards Someshwar and continued, "A person who can admit a mistake and speak the truth, even when it may bring trouble, is worthy of trust. I need a minister who values honesty more than personal gain. Someshwar has proved that he possesses this quality." Someshwar was overwhelmed with relief and gratitude. He had feared that telling the truth would cost him his future, but it had earned him the emperor's respect instead.

From that day onwards, he served the emperor and the kingdom faithfully, remembering that honesty was the foundation of trust.

## Moral

**True strength lies in honesty, even when telling the truth seems likely to bring loss.** ■

# SST: Turn Those Forgetful Facts into Fun!

**Dear Mr. Fix It,**

*I'm facing a problem with my studies. I find it difficult to remember my Social Studies (SST) chapters. The funny thing is that I can solve even challenging questions in Mathematics and Science, yet I struggle to remember what I read in SST.*

*No matter how many times I read a chapter or try to memorise it, much of the information seems to disappear*




*from my mind when I need it. This affects my performance and leaves me frustrated, because I know I can do better.*

*Could you please suggest some ways to improve my understanding and memory of SST? I would be grateful for any tips or techniques that could help me remember the lessons more easily.*

*Thank you for your time and support.*

*Yours sincerely,*

***- Anokhi Antani***

**Dear Anokhi,**

First, take a deep breath. Your brain hasn't gone on holiday, and you certainly haven't lost your memory! You've already told me something important: you can tackle difficult Maths problems and Science questions. That means you know how to think, notice patterns and work things out. Now we'll help you use those same skills in SST.

Here's the secret: Social Studies is not meant to be a mountain of facts you must swallow whole. It is a collection of stories about people, places, choices and changes. Learn it like a detective, not like a photocopier!

**Anokhi can crack tricky sums and solve Science puzzles, but Social Studies just won't stay in her memory. Mr. Fix-It has a cheerful plan to turn long chapters into little stories, colourful clues and easy-to-remember ideas. It's time to stop wrestling with SST - and start making friends with it!**

## 1. Turn each chapter into a story.

When you study History, imagine you're watching a film. Who are the main characters? What happened first? What changed next? What was the result? For Geography, picture the place: mountains, rivers, farms, cities and people. In Civics, imagine how a school, town or country works. Stories and pictures are often easier to remember than isolated facts.

## 2. Be a question detective.

Before reading a section, turn its heading into a question. If the heading is "The Revolt of 1857", ask: "Why did the revolt happen? Who took part? What happened afterwards?" Read to find the answers. Your brain remembers better when it has a mission.

## 3. Close the book - and become the teacher.

After reading one small section, shut the book and explain it aloud in your own words, as if you're teaching a younger cousin - or a teddy bear! Then reopen the book and check what you missed. This is called active recall, but you can simply call it the "Teach-It-Back" trick. Rereading feels easy, but testing yourself helps you discover what you can truly remember.



## 4. Make tiny notes, not giant copies.

Don't rewrite every sentence. On one page, write key words, dates, names and causes or results. Use arrows, a simple timeline, a mind map or a small drawing. For example: Cause ? Event ? Result. Keep your notes short enough to review in a few minutes.

5. Revise in little visits.

Instead of trying to memorise a whole chapter in one sitting, revisit it briefly. Review it the same day, then the next day, after three days and again a week later. These short, spaced revisions help information stay in your memory. A five-minute quiz can be more useful than reading the chapter five times without testing yourself.

## 6. Connect facts to real life.

If you're learning about rainfall, think about the monsoon outside your window. If you're studying local government, think about roads, parks and rubbish collection in your neighbourhood. If a chapter describes a historical decision, ask yourself what you might have done in that situation. Facts become easier to remember when they mean something to you.

## 7. Play the memory game.

Make flashcards: write a question on one side and the answer on the other. Ask a family member to quiz you, or challenge yourself to answer ten questions in two minutes. You can even award yourself a point for every correct answer. Keep it fun - not stressful!

## Your 20-minute SST mission

- 5 minutes: Read one small section carefully.
- 5 minutes: Make a mini mind map or list of key ideas.
- 5 minutes: Close the book and explain what you remember.
- 5 minutes: Check your answers and mark anything to revise tomorrow.

And remember, Anokhi: don't aim to memorise every sentence exactly as it appears in the textbook. First understand the idea; then learn the important names, dates, terms and facts your teacher expects you to know. If you forget something, don't scold yourself. Treat it as a clue telling you what to practise next.

Give these methods a fair try for two weeks. If you still find remembering difficult across several subjects, or it causes you a lot of worry, talk to a parent or teacher so they can help you find a learning method that suits you.

You can do this! Maths has its sums, Science has its experiments, and SST has its stories. Your mission is to discover them, connect the clues and tell the story back. Soon, those slippery facts may find it much harder to escape!

Cheering you on,

**- Mr. Fix It**

મધપૂડો

એ મોતને પડકારે પણ પાછીપાની ન કરે

શસ્ત્ર વગર પોતાનું રક્ષણ કરી શકશે ખરા?

# હિંમત એ જ હથિયાર

હરીશ નાયક

સૈનિક એટલે શસ્ત્ર.

સરદાર એટલે સૈનિકોનો ઉપરી. સૈનક પાસે એક શસ્ત્ર હોય તો સરદાર પાસે બે-ત્રણ હથિયાર હોવા જરૂરી છે. એ હથિયારોથી જ એનો વટ અને મોભો વધે છે.

સરદારોનો ઉપરી વળી પાછો મંત્રી છે. મંત્રીમહાશય પાસે તો એથી ય વધારે હથિયાર હોવાં જોઈએ. પ્રધાન કોને કહ્યાં છે. ભાઈ!

પણ રાજ્યના એક મંત્રી છે. નામ છે હિંમતસિંહ. રાજ્યમાં લોકપ્રિય છે. બધે તેમની વાહવાહી છે. પણ હિંમતસિંહ કદી સાથે હથિયાર રાખતા નથી. તેમની પાણીદાર આંખો, તેમની ભરાવદાર મૂછો, તેમનો રુઆબદાર ચહેરો, બસ એ જ તેમનાં હથિયારો છે.

રાજાજીને કાને વાત ગઈ. બીજા દરબારીઓ કહે 'મહારાજ! હિંમતસિંહ ભલે હિંમતવાળા રહ્યા પણ સાથે હથિયાર તો હોવાં જ જોઈએ. તલવાર કે બંદૂક ન હોય તો ચાલે, ખંજર કે ખૂરપી ન હોય તો ચાલે, પણ સામાને ડર બતાવવા કંઈક તો હોવું જ જોઈએ! કોઈ વખત મુસીબત આવે તો નાહક રાજ્ય બદનામ થાય!'

દરબારીઓની હામાં હા લાવતા રાજા કહે, સાચી વાત છે. રાજ્યના ઉપરી પાસે હથિયાર તો જોઈએ જ. તેમણે હિંમતસિંહને બોલાવી મંગાવ્યા.

હાજર થયા હિંમતસિંહ.

રાજાજી કહે, 'હિંમતસિંહ! તમે હથિયાર કેમ રાખતા નથી?'

હિંમતસિંહ કહે, 'મહારાજ! લડાઈમાં જવાનું હોય તો હું હથિયાર વગર જ જાઉં. કોઈની મુસીબતનો સામનો કરવા ય જરૂર શસ્ત્રસજ્જ થઈને જાઉં.પણ પ્રજાની વચમાં ફરવાનું હોય ત્યારે ઠાલો તલવારોનો રૂઆબ શો બતાવવો?

રાજાજી કહે, 'પણ ધારો કે કોઈ અણધારી આફત આવી તો?'

હિંમતસિંહ કહે, 'રાજાજી! હથિયારોનું તો એવું છે કે તમે સાવધ ન હો તો તમારાં હથિયારો પણ નકામાં હોય છે. તમારી જ તલવારથી તમારું માથું ધડથી જુદું થઈ શકે છે. તમારો જ ભાલો તમારી છાતી વીંધી શકે છે.'

રાજાજી કહે, 'પણ, હથિયાર હોય જ નહિ તો...?'

હિંમતસિંહ કહે, 'તો હાજર સો હથિયાર. સૈનિકમાં એટલી આવડત તો હોવી જ જોઈએ. જાતમાં વિશ્વાસ રાખીને જે કોઈ ફરી શકે. બાકી ઠાલાં હથિયારો કંઈ રૂઆબ આપતાં નથી, એ તો ઘરેણાં કહેવાય, હથિયાર ન કહેવાય. કહ્યું છે ને કે શૂરને શસ્ત્ર શાં...?'

રાજાજી મનોમન જ બોલી ગયા - 'એમ...?' દરબારીઓ પણ ગણ ગણ કરીને કહેવા લાગ્યા, 'જુઓ તો ખરા એની વાત! એનો ખર્થ એ કે આપણે બધાં શોભાનાં હથિયારો રાખીએ છીએ, કેમ?'

હિંમતસિંહ ગયા પછી દરબારીઓએ તો રાજાજીને ખૂબ ચડાવ્યા. રાજાજી પણ હિંમતસિંહના કેફથી જરાક કરડાયા હતા.

તેઓ કહે, 'એમ! શસ્ત્ર વગર એ પોતાનું રક્ષણ કરી શકશે ખરા? એનું ગુમાન ઉતારવું પડશે. પરીક્ષા જ લેવી પડશે, પછી જોઈએ કે બેટો શસ્ત્ર વગર કેવીક હિંમત દાખવે છે?'



**કૂતરું હાથીને ચોંટી જ પડયું અને હાથીની સૂંઢ પર એવા બચકાં ભરવા લાગ્યું કે ગાંડો હાથી ચમકી ગયો, થોભી ગયો. તેને કંઈ સૂઝ્યું નહિ. પાછળના બે પગ ઉપર અધ્ધર ઊભો થઈ ગયો. પાછળ ફર્યો અને આવ્યો હતો એ દિશામાં દોડવા જ લાગ્યો.**

અને એક વખતે તેમને એવી તક મળી ગઈ. એક હાથી આમે ય ગાંડો હતો. છૂટો થતો કે ભાંગફોડ અને દોડાદોડ કરી મૂકતો, લોકોમાં એ હાથીનો ભય પેસી ગયો તો. રાજાના હુકમથી એ હાથીને બાંધીને જ રાખવામાં આવતો. એ હાથીનું નામ હતું મંગલ. લોકો એને મંગલ ગાંડો કહેતા.

રાજાએ જોયું કે હિંમતસિંહ નિરાંતે સામી ફળીએ આવી રહ્યો છે, એને કોઈ ભાન નથી. પરવા કે ફિકર પણ નથી. સાથમાં હથિયાર તો હિંમતસિંહ રાખતો જ ન હતો.

રાજાએ લાગ જોયો. મહાવતને ઈશારત કરી દીધી. મહાવતે હાથીને વધુ ગાંડો અને ઘેલો બનાવી હિંમતસિંહ સામે છોડી મૂક્યો.

હાથી એક તો ગાંડો તેમાં સરાટાસટ તેને ખૂબ માર પડયો. અરે, તલવાર અને ભાલા પણ ભોંકાયાં.

તે તો ઈહીંહીંહીંહ... કરીને ચિડાતો બેફામ બનીને દોડવા લાગ્યો.

દોડવા માટે જગા ન હતી. સામે ફળી હતી અને તેમાં જ આગળ દોડી શકાતું હતું. હાથી તો ધસમસી ગયો એ જ દિશામાં.

જોતજોતામાં લોકોએ ભાગાભાગ કરી મૂકી. ચીસાચીસ, હોહા, ધમાલ, ભાંગફોડ અને.... હાથી સીધો હિંમતસિંહની સામે. હિંમતસિંહે હાથીને આવતો જોયો. તે મૂઠીવાળીને ભાગી શકે તેમ હતું પણ તે ભાગવા માંગતો ન હતો. ભાગવા જતાં ય કદાચ મોત થાય! અને મંત્રી તો મરદ કહેવાય! તે ભાગે. મોતને પડકારે પણ પાછીપાની ન કરે.

એક ક્ષણમાં તેણે વિચારી લીધું કે, શું કરવું? જાતે બચવાનું હોય, લોકોને ય બચાવવાના હતાં! પાસે હથિયાર તો કોઈ હતું જ નહિ. રાજાજીનાં શબ્દો યાદ આવી ગયા - 'પાસે શસ્ત્ર હોય તો સારું.'

પણ વિચારવાનો સમય જ ક્યાં હતો? અને... લો આ હાથી તો આવી લાગ્યો. આપણી પર અને સૂંઢ લંબાવી, લીધો હિંમતસિંહને સકંજામાં અને...

...પણ ત્યાં જ હિંમતસિંહની નજર એક ખૂણામાં લપાઈને પડી રહેલાં કૂતરા પર પડી. કૂતરું અડિયલ-મડિયલ હશે. ડરેલું બીધેલું હશે.

હિંમતસિંહે તો ઉપાડ્યું એ કૂતરું અને સીધું ફેંક્યું હાથી ઉપર.

હાથીના માથા ઉપર જ એ કૂતરું, ડરેલું, ચિઢાયેલું, કરડકણું ને છેડાયેલું તો હતું જ. કેઉ... કેઉ... કરતું કૂતરું હાથીને ચોંટી જ પડયું અને હાથીની સૂંઢ પર એવા બચકાં ભરવા લાગ્યું કે ગાંડો હાથી ચમકી ગયો, થોભી ગયો. તેને કંઈ સૂઝ્યું નહિ. પાછળના બે પગ ઉપર અધ્ધર ઊભો થઈ ગયો. પાછળ ફર્યો અને આવ્યો હતો એ દિશામાં દોડવા જ લાગ્યો.

હિંમતસિંહની સમયસૂચકતાએ તેના પોતાના પ્રાણ બચાવી લીધા. પ્રજાના જાનમાલ પણ બચાવી લીધા.

પણ રાજાના સૈનિકો હાથીની પાછળ આવતા હતા. દરબારીઓ હાથીનો હાહાકાર જોવા માગતા હતા. બધા સાથે ખુદ રાજાજી પણ હિંમતસિંહની અવદશા જોવા માગતા હતા.

તેને બદલે આ તો ઊંધું થયુ. હાથી પાછો ફર્યો, વધુ ગાંડો અને બેબાકળો, બાવરો બનીને.

ભાગ મારા બાપ, છતાં હથિયારો, તો ય સૈનિકો અને સરદારો ભાગ્યા. અરે, તલવાર ખેંચીને રાજાજી પણ ભાગ્યા.

એ ગાંડા હાથીને પોતાનાં પરાક્રમ અને યુક્તિથી હિંમતસિંહે કેદ કરી લીધો. પણ જ્યારે બધાંના હૈયાં માંડ ધકડતાં શાંત થયા ત્યારે તેણે રાજાજીને પૂછ્યું, કાં રાજાજી? હાજર સો હથિયાર? આપ સૌની પાસે હથિયાર તો હતા જ પછી બધા ભાગ્યા કેમ?

રાજાજી કહે, 'હિંમતસિંહ, તારી વાત સાચી હોં! ભય સામે, સમય સાચવે તે સારવાર. બાકી શોભાનાં શસ્ત્રો તો નકામાં જ હોં!'

રાજાજી જાતે જ્યારે હિંમતસિંહની હિંમતની કદર કરતા હતા ત્યારે ચાપલૂસ દરબારીઓ પોકારતા હતા, 'હિંમતસિંહની જે.' ■



*બાળમિત્રો, શું તમે જાણો છો કે 'ઝગમગ'માં તમે આ અને અન્ય પાનાં પર જેમને નિયમિતપણે વાંચતા આવ્યા છો તે લેખક **હરીશ નાયક**ની ૨૮ ઓક્ટોબરે ૧૦૦મી જન્મ જયંતી છે? 'ઝગમગ'ના પ્રારંભકાળથી જ એમણે બોધકથાઓ, સાહસકથાઓ, વિજ્ઞાનવાર્તાઓ, પર્યાવરણની કથાઓ, કેપ્ટન કદાવર અને ટ્રીગન એમ્પાયર જેવી ચિત્ર વાર્તાઓ આપી છે. એમણે ટારઝન કિશોરી જેવી કથા લખી હતી, જેમાં કિશોરી નાયિકા હતી. પોતાના જમાના કરતાં આ કથા ઘણી આગળ હતી. તેઓ ખૂબ પ્રભાવિત ઢબે વાર્તા કહી સંભળાવતા પણ ખરા. એક જ વરસમાં પાંચ લાખ બાળકોને વાર્તા કહેવાનો એમનો વિક્રમ છે. તેથી જ તેઓ બાળકોમાં વાર્તાદાદા તરીકે જાણીતા અને માનીતા હતા. મે ૨૦૨૪માં તેમને રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૨૪ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ તેમનું દેહાવસાન થયું. વી મિસ યુ, વાર્તાદાદા!*

# ખોરાક નગર

ડૉ. પારુલ અમિત 'પંખુડી'

એક નાનકડું અને મજાનું શહેર હતું, જેનું નામ ખોરાક નગર! અહીં કોઈ માણસો નહીં, પણ ખાવા-પીવાની ચીજવસ્તુઓ રહેતી હતી. મેગી, પાસ્તા, સોસ, ચોકલેટ અને બિસ્કિટ- આ બધાં અહીં પાકા મિત્રો બનીને હળીમળીને રહેતાં હતાં.

ખોરાક નગરમાં રોજ સવારે કોઈ ઘડિયાળનું એલાર્મ નહીં, પણ પ્રેશર કુકરની સીટી વાગતી- 'ફ્ફ્ફ્ફૂઉઉ...!' અને એ અવાજ સાથે જ આખુંય નગર જાગી ઊઠતું.

આજે તો ખાસ દિવસ હતો, કારણ કે વેકેશન પછી શાળા ફરી શરૂ થવાની હતી!

સૌપ્રથમ મેગી જાગી. તે સ્વભાવે બહુ જ ઉતાવળી અને ઝડપી હતી-માંડ બે જ મિનિટમાં તૈયાર! 'અરે બાપરે, ક્યાંક સ્કૂલે પહોંચવામાં મોડું ન થઈ જાય!' એમ બબડતાં તેણે પોતાનો પીળો ડ્રેસ સરખો કર્યો, ગળામાં ચમચી-કાંટો (ફોર્ક) સજાવ્યો અને દોડતી બહાર આવી.

પાછળથી ધીમા ડગલે પાસ્તા પ્રિન્સ આવ્યો. તે એકદમ શાંત અને સ્ટાઈલિશ હતો - ક્યારેક વળાંકવાળો તો ક્યારેક સીધો! તેણે પૂછ્યું, 'મેગી, આટલી બધી ઉતાવળ કેમ કરે છે?'

મેગી હસીને બોલી, 'સ્કૂલે સમયસર પહોંચવાનું છે, કંઈ પિકનિક કરવા નથી જવાનું!'

બંને શાળાએ પહોંચ્યાં ત્યાં વર્ગખંડમાં લાલચટક સોસ સર પધારી ચૂક્યા હતા. તેઓ અત્યંત અનુભવી, પ્રભાવશાળી અને બુદ્ધિશાળી હતા. 'બાળકો, જીવનમાં હંમેશાં શિસ્ત જાળવવી જોઈએ,' કહીને તેમણે સીટી વગાડી.

એવામાં ચોકલેટ ચિન્કી હાંફતી હાંફતી આવી. ગરમીને કારણે તે અડધી ઓગળી રહી હતી! 'મિત્રો, હું તૈયાર છું... લગભગ!' તે અડધી રેપરમાં લપેટાયેલી અને અડધી બહાર ડોકાતી હતી.

એને જોઈને મેગીએ આંખો મોટી કરી કહ્યું, 'ચિન્કી! રસ્તામાં કીડી-મકોડા તને બચકાં ભરી લેશે! તારે યુનિફોર્મ બરાબર પહેરવો જોઈએ ને!'



**મેગીએ આંગળી ઊંચી કરી કહ્યું, 'મિત્રતા એટલે મુશ્કેલીમાં એકબીજાની રાહ જોવી!' પાસ્તા બોલ્યો, 'મિત્રતા એટલે અલગ સ્વભાવ હોવા છતાં સાથે હળીમળીને રહેવું.' બિસ્કિટ બોલ્યો, 'મિત્રતા એટલે ગરમ ચા જોડે કરકરું બિસ્કિટ!'**

સૌથી છેલ્લે બિસ્કિટ બબ્લુ આવ્યો. એકદમ કરકરો, ગોળમટોળ અને સદાબહાર હસતો રહેતો બબ્લુ! તે ચાલતો ત્યારે 'કંચી... કંચી...' અવાજ આવતો.

પાસ્તાએ મજાક કરતાં કહ્યું, 'તારા ચાલવાનો અવાજ સાંભળીને તો આખી શાળાના વિદ્યાર્થીઓ રિસેસ પડી ગઈ હોય તેમ ભૂખ્યા થઈ જશે!'

ટિફિન ટાઉન વિદ્યાલયમાં પ્રાર્થના પછી ક્લાસ શરૂ થયો. બ્લેકબોર્ડ પર સુંદર અક્ષરે લખાયું હતું- 'આજનો પાઠ- મિત્રતા અને પરસ્પર સહયોગ.'

વર્ગશિક્ષિકા દૂધ મેડમ હતાં-એકદમ શ્વેત, શાંત અને મીઠાં-મધુરાં!

દૂધ મેડમે પૂછ્યું, 'બાળકો, સાચી મિત્રતા એટલે શું?'

મેગીએ આંગળી ઊંચી કરી કહ્યું, 'મિત્રતા એટલે મુશ્કેલીમાં એકબીજાની રાહ જોવી!'

પાસ્તા બોલ્યો, 'મિત્રતા એટલે અલગ સ્વભાવ હોવા છતાં સાથે હળીમળીને રહેવું.'

બિસ્કિટ બોલ્યો, 'મિત્રતા એટલે ગરમ ચા જોડે કરકરું બિસ્કિટ!'

ચોકલેટ ચિન્કી શરમાઈને બોલી, 'અને જરૂર પડે ત્યારે કીડી-મકોડા સામે પણ મિત્રનું રક્ષણ કરવું!'

આ સાંભળી આખો વર્ગ ખડખડાટ હસી પડ્યો.

બપોરે જેવી રિસેસ પડી કે અચાનક વાદળો ઘેરાયાં અને સોસ જેવો લાલ રંગનો ધોધમાર વરસાદ તૂટી પડ્યો! બધાં નાનાં બાળકો ગભરાઈ ગયાં. એવામાં એક નાનકડું નૂડલ લપસીને કાદવમાં પડ્યું.

મેગી તરત દોડી ગઈ. પાસ્તાએ પોતાનો લાંબો હાથ લંબાવીને તેને ટેકો આપ્યો. બિસ્કિટે પાણી પર પોતાનો કરકરો પથારો

**મેગી તરત દોડી ગઈ. પાસ્તાએ પોતાનો લાંબો હાથ લંબાવીને તેને ટેકો આપ્યો. બિસ્કિટે પાણી પર પોતાનો કરકરો પથારો કર્યો જેથી કોઈ લપસી ન પડે, અને ચોકલેટે પોતાનું મોટું સિલ્વર રેપર તાણીને વરસાદ સામે છત્રી બનાવી દીધી!**

કર્યો જેથી કોઈ લપસી ન પડે, અને ચોકલેટે પોતાનું મોટું સિલ્વર રેપર તાણીને વરસાદ સામે છત્રી બનાવી દીધી!

સોસ સર આ દ્રશ્ય જોઈને હર્ષથી ગદગદ થઈ ગયા. તેમણે નજીક આવીને પીઠ થાબડી, 'શાબાશ બાળકો! આ જ સાચી મિત્રતા છે, આને જ સાચું ટીમવર્ક કહેવાય!'

વરસાદ થંભ્યો એટલે સૌએ સાથે મળીને મેદાન સાફ કર્યું. દૂધ મેડમે સ્મિત વેરતાં કહ્યું, 'આજે તમે મિત્રતાનો પાઠ માત્ર ચોપડીમાંથી ભણ્યા નથી, સાચા અર્થમાં જીવ્યા છો!'

શાળા છૂટ્યા પછી બધાં હસતાં રમતાં ઘેર પાછાં ફરી રહ્યાં હતાં. મેગી બોલી, 'આજનો દિવસ બે મિનિટ જેવો ઝડપી નહીં, આખી જિંદગી યાદ રહે તેવો અદ્ભુત હતો!'

પાસ્તાએ પણ મલકાઈને ઉમેર્યું, 'હા, જિંદગીમાં આવા વળાંકો આવે અને સાચા મિત્રો સાથે હોય, તો જ જીવવાની ખરી મજા આવે છે!' તે દિવસથી ખોરાક નગરનાં તમામ ભૂલકાં સમજી ગયાં કે પ્રેમ, નિસ્વાર્થ સેવા અને સંપ એ જ જીવનનો સાચો અને મીઠો સ્વાદ છે. ■

## Brown Girl

Continued from page 11

## Why Is This Book Important?

Brown Girl Dreaming helps readers understand history through the eyes of a child. Instead of presenting racism and segregation merely as historical facts, Woodson shows how they affected families, communities and everyday experiences.

The book also celebrates African American heritage, family traditions and the importance of remembering where we come from. It encourages readers to appreciate different backgrounds and understand experiences beyond their own.

Its poetic form makes it special, too. Woodson uses simple yet powerful language to turn ordinary memories into meaningful moments. Readers who might find a long historical novel difficult can discover how poetry tells a complete, moving story.

The book won the 2014 National Book Award for Young People's Literature and received a Newbery Honor in 2015, among several other major literary honours. These recognitions reflect its importance in children's literature.

## What Should Children Learn From the Book?

Be proud of your identity. Your family, culture and experiences are important parts of who you are.

Listen to the stories of older generations. Parents and grandparents carry memories that can help us understand our roots and learn from the past.

Use your voice. Even if you struggle to express yourself, keep trying. Writing, speaking, drawing or creating can help you share your thoughts.

Respect differences. People may have different histories, beliefs and experiences. Understanding these differences helps us become kinder and more thoughtful.

Never give up on learning. Jacqueline's journey shows that difficulties with reading or writing need not prevent someone from becoming a successful author.

Above all, children should understand that their stories matter. They do not need to be famous or extraordinary to have something worth sharing.

## Final Words

Brown Girl Dreaming is a beautiful reminder that discovering yourself is a journey. Our families shape us, history teaches us, and words help us make sense of our experiences.

The book has not, to my knowledge, been adapted into a major feature film or television series. Its impact, however, extends beyond the printed page through readings, educational discussions and its recognition in schools and libraries.

For young readers, Woodson's memoir offers an encouraging lesson: your voice matters, your past has meaning, and your dreams deserve room to grow. Sometimes, a few honest words can tell a story that stays with us for a lifetime.

**Word count:** Approximately 690 words, including headings, the introduction and quotations.■

# આપણા સ્વાતંત્ર્ય નાયકો

## વિષ્ણુ ગણેશ પિંગળે



વિષ્ણુ ગણેશ પિંગળે મહારાષ્ટ્રનાં પૂનાના વતની હતા. એન્જિનિયરિંગનું ભણવા તેઓ અમેરિકા ગયેલા. અમેરિકામાં એ વખતે ભારતીયોમાં ગદર પાર્ટીનું બહુ વર્ચસ્વ. વિષ્ણુ તેના સંપર્કમાં આવતાં દેશભક્તિના રંગે રંગાયા. ઘરના લોકોને એમ હતું કે દીકરો એન્જિનિયરીંગનું શિક્ષણ લઈને આવશે ને ખૂબ પૈસા કમાઈ આપશે. પરંતુ વિષ્ણુ અમેરિકાથી ઘરે ન જતાં પંજાબ પહોંચ્યા. પાર્ટી તરફથી તેમને દેશમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ વિદ્રોહ જગાવવાનો આદેશ મળ્યો હતો. ભારત આવીને વિષ્ણુએ આખા દેશનો પ્રવાસ કર્યો. પંજાબના ક્રાંતિકારીઓ સાથે તો અમેરિકાથી જ સંપર્ક હતો. કોલકાતા જઈને બંગાળના ક્રાંતિકારીઓનો પરિચય કેળવ્યો. રાસબિહારી બોઝ અને શચીન્દ્રનાથ સાન્યાલ તેમનાથી બહુ પ્રભાવિત થયા. ત્યાં એમને કરતારસિંહ સરાબા તરફથી પંજાબ પાછા ફરવાનો આદેશ થતાં રાસબિહારી બોસને સાથે લઈને તેઓ પંજાબ આવ્યા. પોષાકથી તેઓ પૂરેપૂરા પંજાબી બની ગયા હતા. ભાષા પણ ત્યાંની સરસ લોકોથી બોલી શકતા. પાર્ટી દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૧૯૧૫ના રોજ વિપ્લવ જગાવવાનું નક્કી કરવામાં આવ્યું. વિષ્ણુને મેરઠની છાવણીમાં વિદ્રોહ ભડકાવવાનું કામ સોંપવામાં આવ્યું. ત્યાં ૧૨ નંબરના રસાલામાં એમણે પરિચય કેળવીને ઘૂસ મારી. આ રસાલામાં નાદિરખાન નામનો એક લુચ્ચો જમાદાર હતો. તેણે વિષ્ણુને ફસાવવા અંગ્રેજ સરકાર વિરુદ્ધ ખોટું બોલવા માંડ્યું. વિદ્રોહ થતો હોય તો પોતે ખૂબ રાજી છે એમ કહી તેણે વિષ્ણુને બોમ્બની વ્યવસ્થા કરી આપવાની ખાતરી આપી. તેની વાતથી ભોળવાઈને વિષ્ણુ બોમ્બ લેવા તેની સાથે બનારસ ગયા. ત્યાંથી વિષ્ણુને દસ બોમ્બ મળ્યા તો ખરા, પરંતુ આ બોમ્બે એમના માટે જ આફત સર્જી, તેઓ ડબ્બામાં બોમ્બ લઈને મેરઠથી પાછા આવ્યા કે દગાબાજ જમાદારે વિષ્ણુની બોમ્બના ડબ્બા સાથે ધરપકડ કરાવી દીધી. વિષ્ણુ હવે એને શું કરી શકે ? લાહોર ષડયંત્રના નામથી તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ગિરફતાર થનારા વિષ્ણુ એકલા નહોતા. એક યા બીજા કારણસર જેલમાં જનારા ગદર પાર્ટીના કાર્યકરોની સંખ્યા એકસઠ હતી. ગદર પાર્ટીની વિપ્લવની યોજના પર પાણી કરી વળ્યું. તમામ ક્રાંતિકારીઓએ વકીલ રાખવાની ના પાડી દીધી. સરકારે ન્યાયનું નાટક પૂરું કરીને ફેસલો સંભળાવ્યો. સાતને ફાંસીની સજા કરવામાં આવી. આ સાતમાં વિષ્ણુ સિવાય બધા પંજાબી ક્રાંતિકારીઓ હતા. ૧૬ નબેમ્બર, ૧૯૧૫ના રોજ તેમને લાહોરની જેલમાં ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા. મહારાષ્ટ્રની ભૂમિમાં જન્મેલો ક્રાંતિકારી અમેરિકા જઈ પંજાબની ધરતી પર શહીદ થયો.

**વિષ્ણુને મેરઠની છાવણીમાં વિદ્રોહ ભડકાવવાનું કામ સોંપવામાં આવ્યું. ત્યાં ૧૨ નંબરના રસાલામાં એમણે પરિચય કેળવીને ઘૂસ મારી. આ રસાલામાં નાદિરખાન નામનો એક લુચ્ચો જમાદાર હતો. તેણે વિષ્ણુને ફસાવવા અંગ્રેજ સરકાર વિરુદ્ધ ખોટું બોલવા માંડ્યું.**

- જિતેન્દ્ર પટેલ



# *Mount Olympus: Greece's 52-Peak Mountain*

Mount Olympus is located in Greece. It is the tallest mountain in Greece, standing at approximately 2,918 meters. Its highest peak is called Mytikas. Situated in the northern part of Greece, this mountain holds great importance in ancient Greek culture. In Greek mythology, it is considered the home of the gods, and Zeus, the king of the gods, is closely associated with it. According to ancient belief, twelve major deities resided here, giving the mountain immense religious and mythological significance.

Mount Olympus is renowned for its rich biodiversity and plant life. Made picturesque by its 52 peaks, numerous slopes, varying elevations, caves, and valleys, it attracts travelers from around the world. Mythological legend holds that this mountain is never touched by rain. Around 1,700 species of flora are found in this mountain region—many rarely seen anywhere else. It is also home to 32 species of mammals, 108 species of birds, and hundreds of species of butterflies. Mount Olympus stands at 2,917 meters and is celebrated as a major European landmark. The region is designated as a protected world heritage site. Nearby lies the ancient city of Dion, where archaeological excavations have unearthed artifacts dating back to ancient Roman times.

# શ્રવણ બેલગોલાની વિરાટ મૂર્તિ: ગોમતેશ્વર



ભારતના કર્ણાટકમાં બેંગાલુરૂ નજીક આવેલું શ્રવણ બેલગોલા ભગવાન ગોમતેશ્વરની વિરાટ મૂર્તિથી વિશ્વપ્રસિધ્ધ છે. તે જૈનોનું યાત્રાધામ છે. ગોમતેશ્વરને બાહુબલીના નામે પણ ઓળખાય છે. પ્રતિમાના ચહેરા પર શાંતિ, ધીરજ અને વૈરાગ્યની ભાવના જોવા મળે છે. આ પ્રતિમા જૈન ધર્મની ત્યાગ, તપસ્યા, શાંતિ અને અહિંસાની ભાવનાનું પ્રતીક છે. ઇ.સ. ૯૮૧માં ૫૭ ફૂટ ઊંચી આ મૂર્તિ એક જ ખડક કોતરીને બનેલી છે. કોઈ પણ આધાર વિના સ્વતંત્ર પણે ઊભેલી વિશ્વની વિરાટ પ્રતિમાઓમાં સ્થાન છે. ભગવાન બાહુબલી બંને હાથ શરીરની બાજુમાં રાખીને ઊંડા ધ્યાનમાં ઊભેલા દર્શાવવામાં આવ્યા છે. તેમના પગ અને હાથની આસપાસ વેલીઓ ચડેલી દર્શાવવામાં આવી છે. આ લાંબા સમય સુધી સ્થિર રહીને કરેલી તપસ્યાનું પ્રતીક છે.

શ્રવણવેલગોલામાં આવેલી આ મૂર્તિ સિવાય ૨૦ ફૂટથી ઊંચી એવી અન્ય ચાર પ્રતિમા પણ જાણીતી છે. કરકલા (ઉડુપી)ની ઇ.સ. ૧૪૩૦માં બનેલી ૪૨ ફૂટ ઊંચી મૂર્તિ, બીજી ૩૯ ફૂટ ઊંચી તેમજ મૈસુરમાં આવેલી ૨૦ ફૂટ ઊંચી બાહુબલીની પ્રતિમા પણ ૧૨મી સદીમાં સ્થપાયેલી.શ્રવણબેલ ગોલાની બાહુબલીની પ્રતિમા ૩૦ કિલોમીટર દૂરથી પણ નજરે પડે છે તેટલી ઊંચી છે અને અદ્‌ભૂત શિલ્પકળાનો નમૂનો છે.

# મધમાખી મધ શા માટે બનાવે છે?



મધમાખીઓ દિવસમાં હજારો ફૂલ અને મધપૂડા વચ્ચે ચક્કર મારીને મધપૂડામાં મધ એકઠું કરે છે. આટલી સખત મહેનત કરીને મધમાખી મધ બનાવીને શા માટે એકઠું કરે છે તે જાણો છો? મધ મધમાખીનો ખોરાક છે. પાનખર ઋતુમાં વૃક્ષોના પાન ખરી પડે અને ફૂલો પણ ઓછા ખીલે એટલે ખોરાક મળે નહીં. આ અછતના સમય માટે મધમાખી ખોરાકનો સંગ્રહ કરી રાખે છે. વસંતઋતુમાં વધુ ફૂલો ખીલે તેનો લાભ લઈ મધમાખી સખત પરિશ્રમ કરીને બને તેટલું વધુ મધ એકઠું કરી રાખે છે. મધ આપણા માટે પણ ખોરાક અને દવા તરીકે ઉપયોગી થાય છે.મધમાખી મધ ઉપરાંત બીજાં ઘણાં દ્રવ્યો પણ બનાવે છે. ષટકોણ આકારના ખાનાવાળો મધપૂડો બાંધવા માટે મધમાખી પોતાના શરીરમાં મીણ બનાવે છે. આ મીણ વડે જ મધપૂડો બને છે જે તદ્દન વોટરપ્રૂફ હોય છે. મધમાખી ફૂલોમાંથી રસ ચૂસે ત્યારે થોડી પરાગરજ પણ લઈ જાય છે. આ પરાગરજમાં પોતાની લાળ મેળવી પ્રોપોલીસ નામનો ચીકણો પદાર્થ બનાવે છે. આ પદાર્થ પણ મધપૂડાની રચના માટે ઉપયોગી છે.

# માણસ સાથે સામ્ય ધરાવતા વાનર: ગોરિલા



ઉત્ક્રાંતિવાદમાં વાનરમાંથી રૂપાંતર થઈને મનુષ્ય બન્યો તે જાણીતી વાત છે. આજે પણ ચિમ્પાન્ઝી, ગોરિલા, ઉરાંગઉટાંગ અને બોનોલો જેવા વાનરોમાં મનુષ્ય જેવા લક્ષણો જોવા મળે છે. તેમાં ગોરિલા તદ્દન માણસ જેમ જ વર્તે છે.શરીર પર ભરચક વાળ ધરાવતા ગોરિલા બે પગે ઊભા હોય ત્યારે પાંચ ફૂટ ઊંચા હોય છે. તે ચાર પગે ચાલે છે. તેના આગલા બે પગની હથેળી માણસ જેવી જ હોય છે. તેના અંગુઠાની પ્રિન્ટ પણ માણસની જેમ જુદી જુદી હોય છે. ગોરિલા તેના આગલા પગનો ઉપયોગ હાથની જેમ કરી શકે છે. ગોરિલાને પણ ૩૨ દાંત હોય છે .આફ્રિકા, કોંગો, યુગાન્ડા અને નાઈઝિરિયાના જંગલોમાં ગોરિલાની વસતિ છે. ગોરિલા ટોળામાં રહે છે. ગોરિલા શાકાહારી છે. અને આખો દિવસ ફળફળાદિ શોધીને ખાધા કરે છે. ગોરિલા બુધ્ધિશાળી પ્રાણી છે. તેને તાલીમ આપીને ઘણા કામ શીખવી શકાય છે.ગોરિલા માણસની જેમ હસી શકે છે. ખોંખારો ખાઈ શકે છે અને રડી પણ શકે છે. તે માણસ પર કદિ હુમલો કરતા નથી.

## વિશ્વના વિજ્ઞાનીઓ

# Discoverer of Comets: Eugene Merle Shoemaker



Many scientists have contributed to universe and space research. Very few scientists, however, have studied collisions between celestial bodies. Gene Shoemaker was the first to discover impact craters formed on Earth by fallen meteorites. He established the distinct science of celestial collisions and was a pioneer in the systematic study of space. He discovered around 30 comets.

Eugene Merle Shoemaker was born on April 28, 1928, in Los Angeles, USA. His parents were teachers. From childhood, Shoemaker was fascinated by the study of rocks and minerals. He graduated at the age of 16. Later, he earned a master's degree from the California Institute of Technology and began his teaching career; many of his students were older than he was. Shoemaker completed his PhD at the age of 32. His primary research focus was proving that Barringer Crater was created by a meteorite striking Earth, a discovery he made by conducting in-depth studies of the rocks found in the crater. In those days, hardly anyone was willing to believe that celestial objects could crash into Earth.

In 1961, Shoemaker began his career in the Astrogeology Research Program of the United States Geological Survey. At that time, preparations were underway to launch the Apollo missions to the Moon. Shoemaker was assigned the task of studying lunar rocks and became the first director of this field. He wished to travel to the Moon himself, but could not go because he developed Addison's disease. After playing a vital role in lunar missions, he went on to discover numerous comets. The comet Shoemaker–Levy, which he co-discovered, is widely known. Shoemaker received numerous honors for his contributions to space exploration. He died in a car accident in Australia in 1997. In accordance with his final wish, his ashes were sent to the Moon.

# *What Kind of Planet Can Support Life?*

You may have read stories about extraterrestrials or aliens, and alien fiction is often seen in films. At present, however, life is not known to exist on any planet other than Earth. Scientists continue to research whether life or aliens inhabit other planets and celestial bodies outside our solar system. Even if life exists on planets millions of light-years away, it cannot be observed directly; scientists estimate its possibility by studying atmospheric conditions and other planetary features.

Scientists have determined the conditions under which life is possible on a planet. A planet must not be so close to its star that it experiences extreme heat, nor so far that it suffers extreme cold. The planet must have water. Since living organisms are carbon-based, the planet must also contain carbon, along with solid ground for organisms to inhabit—some planets are merely giant balls of gas and clouds. Scientists have identified thousands of candidate planets meeting such conditions, known as extrasolar planets (exoplanets). However, a planet inhabited by alien life has not yet been found.



# દક્ષિણ ધ્રુવની અજાયબ ભૂગોળ



દક્ષિણ ધ્રુવ (એન્ટાર્કટીકા) વિશ્વનું સૌથુ મોટું રણ છે. તે સૌથી ઠંડો, સૌથી ઊંચો, સૌથી વધુ પવનવાળો અને સૌથી સૂકો ખંડ છે. તેના હાઈરિજ વિસ્તારમાં તાપમાનનો પારો માઇનસ ૯૩ ડિગ્રી રહે છે. દક્ષિણ ધ્રુવ પર સૌથી ઊંચુ તાપમાન ૧૮ સેન્ટ્રીગ્રેડ નોંધાયું હતું. વિશ્વના મીઠાપાણીનો ૯૦ ટકા હિસ્સો દક્ષિણ ધ્રુવમાં બરફ સ્વરૂપે સચવાયેલો છે. દક્ષિણ ધ્રુવની પ્રથમ સફર ઇ.સ.૧૮૨૦માં રશિયન સાહસિકોએ કરી હતી. અહીંના કેટલાક વિસ્તારોમાં લાખો વર્ષથી વરસાદ કે બરફવર્ષા થઈ નથી. ત્યાં માત્ર જામેલો બરફ જ છવાયેલો છે. ચીલીએ દક્ષિણ ધ્રુવ પર એક ગામ વસાવ્યું છે. વિલા લા એસ્ટ્રેલાસ નામના ગામમાં કાયમ લગભગ ૧૩ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન રહે છે. આ ગામમાં શાળા, કોલેજ, ચર્ચ, પોસ્ટ ઓફિસ, બેન્ક, ટીવી અને મોબાઈલ ટાવર અને ઇન્ટરનેટ પણ છે. દક્ષિણ ધ્રુવ એક માત્ર ખંડ છે કે જ્યાં ટાઇમઝોન નથી.

દક્ષિણ ધ્રુવ પરનું બરફનું પડ ૪ કરોડ વર્ષથી અકબંધ છે. વિશ્વના ૩૮ દેશોએ કરાર કરીને સેના પ્રવૃત્તિ, ખાણ ખોદકામ, અણુધડાકા કરવા પર પ્રતિબંધ છે અને ન્યુકિલયર કચરો પણ ત્યાં ફેંકી શકાતો નથી. અહીં બરફ વિસ્તાર હેઠળ લગભગ ૩૦૦ જેટલા તળાવ છે. જે પૃથ્વીના પેટાળની ગરમીને કારણે થીજી જતાં નથી. દક્ષિણ ધ્રુવ પર એક જવાળામુખી પણ છે. જેની ટોચેથી બરફના કણો બહાર ફેંકાય છે. દક્ષિણ ધ્રુવ પર લગભગ સાત જેટલા ચર્ચ છે. દક્ષિણ ધ્રુવની જમીન વિસ્તાર પર ઓસ્ટ્રેલિયા સૌથી વધુ અધિકાર ધરાવે છે. લગભગ ૨૦ લાખ ચોરસ કિલોમીટર તેના તાબામાં હોવાનો દાવો કરે છે.



# ફનટાઇમ



